રિલાયન્સ જિયોએ ભારતના સૌથી મોટા IPO માટે અરજી કરી

જિયો પ્લેટફોર્મ્સ લિમિટેડે રૂ. ૩૭૭૦૦ કરોડ ભેગા કરવા ડ્રાફ્ટ પેપર્સ સબમિટ કર્યા

રૂ. ૧૦ની ફેસ વેલ્યુના ૨૭ કરોડ શેર બહાર પાડવાની યોજના, ઇશ્યુ પ્રાઇસ બાદમાં નક્કી થશે

હ્યુન્ડાઇ અને NSEના રેકોર્ડ તૂટશે

મુંબઈ, તા. ૧૯(પીટીઆઈ): રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની ડિજિટલ સર્વિસિસ શાખા, જિયો પ્લેટફોર્મ્સ લિમિટેડે શુક્રવારે આશરે 4 અબજ ડોલર(રૂ. 37,700 કરોડ) એકત્ર કરવા માટે તેના ડ્રાફ્ટ પેપર્સ સબમિટ કર્યા છે, જે ભારતના ઈતિહાસનો અત્યાર સુધીનો સૌથી મોટો આઈપીઓ (IPO) બની શકે છે અને તેનાથી કંપનીનું મૂલ્યાંકન આશરે 137 અબજ ડોલર આંકવામાં આવ્યું છે, તેમ મુંબઈથી પીટીઆઈના અહેવાલમાં જણાવાયું છે. ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ(DRHP) અનુસાર, જિયો પ્લેટફોર્મ્સ 27 કરોડ સુધીના નવા શેર બહાર પાડવાની યોજના ધરાવે છે, જે તેના ઈશ્યૂ પછીની ઈક્વિટી મૂડીના આશરે 2.9 ટકા હિસ્સો દર્શાવે છે. આ આઈપીઓ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે, કારણ કે તે વર્ષ 2016માં લોન્ચ થયા પછી ગ્રૂપના મુખ્ય ગ્રોથ એન્જિન તરીકે ઉભરી આવેલા ટેલિકોમ-ટુ-ટેકનોલોજી બિઝનેસનું મૂલ્ય અનલોક કરવા માગે છે. રિલાયન્સના ચેરમેન મુકેશ અંબાણીએ કંપનીની વાર્ષિક સામાન્ય સભામાં જણાવ્યું હતું કે, જિયોનું પ્રસ્તાવિત લિસ્ટિંગ વિશ્વને બતાવશે કે ભારત વૈશ્વિક સ્કેલ, વૈશ્વિક ક્ષમતા અને વૈશ્વિક મૂલ્ય ધરાવતી ટેકનોલોજી કંપનીઓનું નિર્માણ કરી શકે છે. જો આ આઈપીઓ સફળ રહેશે, તો તે વર્ષ 2024 માં આવેલા હ્યુન્ડાઇ મોટર ઈન્ડિયાના રૂ. 27,870 કરોડના આઈપીઓને પાછળ છોડીને દેશના ઈતિહાસમાં સૌથી મોટો આઈપીઓ બની જશે.

ટ્રમ્પે કરી એરફોર્સ વન વિમાનની છેલ્લી સફર

કતાર દ્વારા ભેટમાં મળેલું નવું જેટ અમેરિકી કાફલામાં જોડાશે

વોશિંગ્ટન, તા. 19 (પીટીઆઈ): પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ફ્રાન્સ મુલાકાતથી પરત ફરવાની સફર બોઈંગ 747-200B વિમાનની છેલ્લી યાત્રા બની રહી છે, જે છેલ્લા 35 વર્ષથી અમેરિકી રાષ્ટ્રપતિઓને સેવા આપી રહ્યું હતું. વ્હાઇટ હાઉસના વરિષ્ઠ અધિકારીઓએ જોઈન્ટ બેઝ એન્ડ્રુઝ પર ઊભેલા આ અત્યંત સુરક્ષિત વિમાનની તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરીને આ એરફોર્સ વનની 'લાસ્ટ રાઈડ' (છેલ્લી સફર)ની જાહેરાત કરી હતી.

દેશમાં એકસાથે 5 સિસ્ટમ રોકી રહી છે ચોમાસાની ગતિ

દેશમાં 1થી 18 જૂન વચ્ચે સામાન્ય કરતાં 38 ટકા ઓછો વરસાદ થયો સૌથી ખરાબ સ્થિતિ ગુજરાત અને મહારાષ્ટ્રની

જેટ સ્ટ્રીમ પવનોનું વર્તમાન પેટર્ન નબળું પડતાં જ ચોમાસું ફરી વેગ પકડી શકે

નવી દિલ્હી, તા. 19: ચોમાસું શરૂઆતના 15 દિવસમાં 19 રાજ્યો સુધી પહોંચી ગયું હતું, પરંતુ તે 8 જૂનથી તેલંગાણામાં અટકેલું છે. છેલ્લા 11 દિવસથી તે આગળ ન વધતાં ઉત્તર-મધ્ય ભારતના 7 રાજ્યો વરસાદ માટે તરસ્યા છે, જ્યાં સામાન્ય કરતાં 60 ટકા ઓછો વરસાદ નોંધાયો છે. એક જ સમયે 5 અલગ અલગ સિસ્ટમ સક્રિય થવાના કારણે આવું થયું છે.

અમેરિકી સંસ્થા NOAA ના સેટેલાઇટ રિપોર્ટ અનુસાર, ઇન્ટરટ્રોપિકલ કન્વર્જન્સ ઝોન અને મેડન-જુલિયન ઓસિલેશન (MJO) સિસ્ટમ નબળી પડવાને કારણે ચોમાસાની ગતિ ધીમી પડી છે. આ સાથે જ અલ નીનોની પરિસ્થિતિઓ સક્રિય થતાં લાંબા ગાળાનો દુષ્કાળ કે અસમાન વરસાદ જોવા મળી શકે છે. દેશમાં 1થી 18 જૂન વચ્ચે સામાન્ય કરતાં 38 ટકા ઓછો વરસાદ થયો છે, જેમાં સૌથી ખરાબ સ્થિતિ ગુજરાત (79% ઓછો) અને મહારાષ્ટ્ર (78% ઓછો)ની રહી છે. મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ અને દિલ્હી જેવા રાજ્યોમાં પ્રી-મોન્સૂન વરસાદ છતાં તાપમાન 40 ડિગ્રીને પાર છે.

ચોમાસું અટકવા માટે 5 મુખ્ય સિસ્ટમ જવાબદાર છે: (1) અરબ સાગરમાં ભેજવાળા પવનો નબળા પડ્યા છે, (2) દક્ષિણ-પશ્ચિમી પવનો નબળા હોવાથી મહારાષ્ટ્ર અને આસપાસના વિસ્તારોમાં પૂરતો ભેજ પહોંચતો નથી, (3) ક્રોસ-ઇક્વેટોરિયલ ફ્લો નબળો થતાં ભૂમધ્ય રેખા પાર કરતા પવનોનો ભેજ સુકાઈ રહ્યો છે, (4) અરબ સાગર અને બંગાળની ખાડીમાં કોઈ મજબૂત લો-પ્રેશર સિસ્ટમ બની નથી, અને (5) દક્ષિણ ભારતથી વાદળોને ઉત્તર તરફ લાવતી 'MJO' સિસ્ટમ નબળી પડી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, વાતાવરણની ઉપલી સપાટી પર 8થી 15 કિલોમીટરની ઊંચાઈએ ફૂંકાતા 'જેટ સ્ટ્રીમ' પવનોનું વર્તમાન માળખું નબળું પડતાં જ ચોમાસું ફરી વેગ પકડશે અને આગામી 4-5 દિવસમાં તે આગળ વધે તેવી સાનુકૂળ પરિસ્થિતિઓ સર્જાશે.



ચીનની જે લેબમાંથી કોરોના ફેલાયો તેને અમેરિકાના ટોપ સાયન્ટિસ્ટે આપ્યું હતું ભંડોળ

તુલસી ગબાર્ડનો ઘટસ્ફોટ: 'વુહાન ઇન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજી'ને ચામાચીડિયા કોરોના વાયરસ પર ખતરનાક રિસર્ચ માટે લાખો ડોલર અપાયા હતા

જો બાઇડનના પૂર્વ ચીફ મેડિકલ એડવાઇઝર વિશ્વ સમક્ષ વાયરસની કુદરતી ઉત્પત્તિનું નકલી નેરેટિવ રજૂ કર્યું

વોશિંગ્ટન, તા. 19: અમેરિકાના નેશનલ ઇન્ટેલિજન્સ ચીફ તુલસી ગબાર્ડે પોતાના કાર્યકાળના અંતિમ દિવસે ગુરુવારે (18 જૂન) એક મોટો ખુલાસો કરીને સમગ્ર વિશ્વમાં ખળભળાટ મચાવી દીધો છે. ગબાર્ડે જણાવ્યું કે, જો બાઇડનના પૂર્વ ચીફ મેડિકલ એડવાઇઝર ડૉ. એન્થની ફાઉચીએ ચીનના વુહાનની એ રિસર્ચ લેબને ફંડ આપ્યું હતું, જ્યાંથી કોરોના વાયરસ ફેલાયો હોવાનું માનવામાં આવે છે.

તુલસી ગબાર્ડે એવા ગુપ્ત દસ્તાવેજો જાહેર કર્યા છે જે ડૉ. ફાઉચીને સીધા કટઘેરામાં ઊભા કરે છે. આ દસ્તાવેજો દર્શાવે છે કે, ફાઉચીએ અમેરિકી કરદાતાઓના લાખો ડોલર 'વુહાન ઇન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજી' (WIV)ને ચામાચીડિયા કોરોના વાયરસ પર ખતરનાક 'ગેન-ઓફ-ફંક્શન' રિસર્ચ માટે આપ્યા હતા.

તુલસી ગબાર્ડે ડૉ. ફાઉચી પર સીધો પ્રહાર કરતા આક્ષેપ કર્યો કે, તેમણે 2024માં અમેરિકી કોંગ્રેસ (સંસદ) સામે સોગંદનામું લઈને જૂઠું બોલ્યું હતું અને ઇન્ટેલિજન્સ કમ્યુનિટી સાથે મળીને કોરોના વાયરસ લેબથી લીક થયો હતો તેના પુરાવાઓ દબાવ્યા હતા. તેમણે વિશ્વ સમક્ષ વાયરસની કુદરતી ઉત્પત્તિનું નકલી નેરેટિવ રજૂ કર્યું જેથી તેમનું આ લેબને કરાયેલું ફંડિંગ છુપાયેલું રહે.

મોજે સીથાણા બ્લોક નં.૫૭/૨ અંગે જાહેર નોટીસ

ડી.સુરત સબ ડી.તાલુકે ઓલપાડ ના મોજે સીથાણા ના બ્લોક નંબર.૫૭/૨, થી નોંધાયેલ બહુહેતુ માટે બીનખેતી થયેલ જમીન જેનો બીન ખેતી થતા સીટી સર્વે વોર્ડ સીથાણા (બીનખેતી),શીટ નં.એનએ ૯૯ ના સીટી સર્વે નોંધ નં. એન.એ ૫૭/૨ વાલી સુમારે ૮૭૮૮ ચો.મી. જમીન તથા તેને લાગુ બ્લોક નં. ૫૭/૧ તથા બ્લોક નં.૬૨/અ/૨ માથી રસ્તાના વપરાશી હકકો સહીતની ખુલ્લી જમીન ના માલીક મે. સક્ષમ ઈન્ફ્રા એક ભાગીદારી પેઢી હોવાનુ તથા તેમના વહીવટ કર્તા ભાગીદાર મીથીલ નાનજીભાઈ ડાભીનાએ ઠે. અડાજણ,સુરતના એ મજકુર જમીન યાને મિલકતના ટાઈટલ ચોખ્ખા અને ક્લીયર હોવાનુ જણાવીને મારા અસીલને પ્રત્યક્ષ કબજા સાથે વેચાણ આપવાનુ નકકી કરેલ છે.મજુકર મિલકતમાં કોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હકક, હીત હીસ્સો અથવા વાંધો હોય તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન : ૧૦ માં મને લેખિતમાં જાણ કરવી. મુદત વિત્યે તેવા કોઈના હકક હીત નથી અથવા હોય તો તે વેવ કરેલ છે, એમ શુધ્ધબુધ્ધીપુર્વક માનીને પાકો રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેવામાં આવશે, અને પાછળથી કોઈની કોઈપણ જાતની તરતકરાર ચાલશે નહી, તેની સર્વેએ નોંધ લેવી.

મારી મારફત : **નીલકંઠરાય જે. વકીલ** (એડવોકેટ)
ઠે. ૮, દર્શના સોસાયટી, નાનપુરા, કદમપલ્લી, સુરત મો.નં.મો. ૯૮૨૫૯૦૬૨૪૬

વેચાણ/ટાઈટલ ક્લીયરન્સ અંગેની જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ થી જણાવવાનું કે, નિચે જણાવેલ વર્ણન અને વિગત વાળી જમીન/મિલકત **હૈદરઅલીખાં મજીદખાં પઠાણ,** ની માલીકી અને કબજા ભોગવટાની ચાલી આવેલ છે. જેઓએ અમારા અસીલને નીચે મુજબની જમીન ચોખ્ખા માર્કેટેબલ ટાઈટલ વાળી હોવાનું જણાવી વેચાણ આપવાનું નકકી કરેલ છે. સદર જમીન/મિલકતમાં કોઈપણ વ્યકિત કે સરકારી અર્ધસરકારી સંસ્થા નો કોઈપણ પ્રકારનો બોજો, લીયન ચાર્જ યા લાગભાગ, હકક, હિત, હિસ્સો, ઈઝમેન્ટરાઈટસ, વારસાહકક કે દરદાવો, અધીકાર યા વાંધો-વિરોધ, હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં તમામ દસ્તાવેજી પુરાવાઓ સાથે અમારા નીચે જણાવેલ સરનામે સંપર્ક કરવો. મુદ્દત વિત્યે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો-વિરોધ, તર-તકરાર, લાગભાગ, હકક, હિત અધિકાર નથી, અને જો હોય તો તે હકક જતા કરેલ છે, વેવ કરેલ છે, તેમ સમજી શુધ્ધબુધ્ધી પુર્વક સદર જમીન/મિલકતનો, પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ યા જરૂરી કરારો મારા અસીલ જોગ કરી-કરાવી લેવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર, વાંધો, વિરોધ, દાવા દુવી ચાલશે નહી અને તેની કોઈપણ જવાબદારી મારા અસીલની રહેશે નહી. જેની જાહેર જનતાએ તથા લાગતા વળગતા સર્વોએ નોંધ લેવી.

:: જમીન/મિલકત ની વિગત ::

ડીસ્ટ્રીકટ.સુરત, સબ ડીસ્ટ્રીકટ.પલસાણા, ના મોજેગામ.બલેશ્વર, ના ખાતા નં.૨૨૧૯, સર્વે નં.૧૨૬, બ્લોક નં.૧૧૬, ક્ષેત્રફળ.૩૭૪૩ ચો.મી. છે. જેનો આકાર રૂા.૬.૬૯ પૈસા છે. તે જુની શરતની ખેતીની જમીન. સ્થળ.સુરત તા.૨૦/૦૬/૨૦૨૬

અમારી સુચના થી....હૈદરઅલીખાં મજીદખાં પઠાણ,

અમારી મારફત
મહેન્દ્ર પટેલ
મૃણાલ ભંડારી | મિલિન્દ પાનવાલા
એડવોકેટ્સ
ઓફીસ : એ/૫૧૦, પાંચમો માળ, તિરૂપતી પ્લાઝા, અઠવાગેટ, સુરત. મો. ૯૯૨૫૭ ૬૧૩૧૪

-:: ટાઈટલ ક્લીયરન્સ અંગેની જાહેર નોટીસ ::-

સુરત ડિસ્ટ્રીકટ, સીટી સબ-ડિસ્ટ્રીકટ, શહેર સુરતના મોજે ગામ - અડાજણના સે.સર્વે નંબર : ૬૨૫/૧ - ૨, વાળી સુમારે ૬૯૧૨ સ.ચો.મી. જમીન જે અડાજણ ટી.પી. સ્કીમ નંબર : ૧૨ના ફાઈનલ પ્લોટ નંબર : ૮૫ થી નોંધાયેલી બિનખેતીની જમીન ઉપર આયોજન કરવામાં આવેલ **સમર્થ પાર્કમાં આવેલ ''શિલા ટાવર'' નામની ઈમારતમાં આવેલ બ્લોક નંબર : બી માં બીજા માળ ઉપર આવેલ ફ્લેટ/મિલકત નંબર : બી-૨૦૮** વાળી મિલકતના માલિક નીચે જણાવેલ ઉત્તરોતર વેચાણ દસ્તાવેજોથી પૂનમ ધર્મેન્દ્ર સુરતવાલા માલિક, મુખત્યાર થયેલ છે.

ક્રમ	આપનાર	ખરીદનાર	રજી. નંબર	તારીખ
૧	મે. સચ્ચિદાનંદ એન્ટરપ્રાઈઝ વિગેરે...	સુશીલાબેન ઠાકોરદાસ સુરતવાલા	૭૭૫	૧૮/૦૨/૨૦૦૦
૨	મીનાબેન ઉર્ફે મીનાક્ષી બંકુલાલ ગજજર તે ઠાકોરદાસ નાનાભાઈ સુરતવાલાની દિકરી વિગેરે..	પૂનમ ધર્મેન્દ્ર સુરતવાલા	૩૫૯૭૪	૩૦/૧૨/૨૦૨૫

આમ પૂનમ ધર્મેન્દ્ર સુરતવાલા સદરહુ મિલકતનાં એકલાં, એકમાત્ર, સ્વતંત્ર,સંપૂર્ણ માલિક,મુખત્યાર તરીકે ચાલી આવેલ છે. પરંતુ સદરહુ મિલકત ઉત્તરોત્તર વેચાણ દસ્તાવેજોની ચકાસણી કરતાં નીચેની જણાવેલ વેચાણ દસ્તાવેજની **રજીસ્ટ્રેશન ફી ભર્યાની અસલ રસીદ (R.R.) ગુમ યાને ગેરવલ્લે થયેલ હોવાનું માલુમ પડેલ છે અને શોધ ખોળ કરતા આજદિન સુધી મળી આવેલ નથી.** તેવા સંજોગોમાં તે રજીસ્ટ્રેશન ફી ભર્યાની અસલ રસીદ (R.R.) કોઈપણ સરકારી, સહકારી, ખાનગી બેંક, સંસ્થા તથા અન્ય ઈસમોનો બોજો, કરજ, ચાર્જ, લિયન યા કોઈપણ પ્રકારના હકક, હિત, હિસ્સો કે દર દાવો હોય તો **દિવસ - ૭૭ (સાત)**માં દસ્તાવેજી પુરાવા સહિત અમોને જાણ કરવી. અન્યથા મુદ્દત વિત્યા બાદ સદરહુ મિલકતમાં અને તેના ટાઈટલ્સમાં કોઈનો હકક, હિત, હિસ્સો નથી તેમ માની સદરહુ મિલકતના ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલ છે તેમ ગણી લેવાશે જેની ખાસ નોંધ લેવી.

:: ગુમ થયેલ દસ્તાવેજની વિગત ::

ક્રમ	દસ્તાવેજ નંબર	તારીખ	ગુમ થયેલ દસ્તાવેજની વિગત
૧	૭૭૫	૧૮/૦૨/૨૦૦૦	રજીસ્ટ્રેશન ફી ભર્યાની અસલ રસીદ (R.R.)

અસીલની સૂચના અને ફરમાઈશથી તા. ૨૦/૦૬/૨૦૨૬

સન્ની જે. મહેતા એડવોકેટ
ઓફિસ : ૪/૨૫૨૫, ફ્લેટ નં. ૨, ગ્રાઉન્ડ ફ્લોર, ભુરહાની ફ્લેટ્સ, આમખાસ, બેગમપુરા, સુરત - ૦૩. (મો.) : ૮૮૬૬૭ ૧૧૫૨૮

સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા

હોમ લોન સેન્ટર-૨ શાખા (૬૩૬૯૨), બીજો માળ, ૨૧૩-૨૧૯, રીયો એમ્પાયર, આર.ટી.ઓ. પાલ સામે, સુરત-૩૯૫૦૦૯ E-mail - sbi.63692@sbi.co.in

જાહેર ઈ-હરાજી નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ભારતીય સ્ટેટ બેંક દ્વારા ધિરાણ કરેલ વાહનની જપ્તી કરી તમામની જાહેર ઈ-હરાજી રાખેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

અ.નં.	લેણદારનું નામ	વાહન નંબર, બનાવટ તથા વાહન નું મોડેલ	અનામત કિંમત રૂા.	પાર્કીંગનું સરનામું
૧.	પ્રેમીલા ગામીત	Ford (Freestyle Trend) 1.2 Petrol MT January 2019 GJ 26 N 5176	૨,૧૫,૦૦૦/- (જીએસટી સહિત)	ટ્રીનીટી એન્ટરપ્રાઈસીસ, સર્વે નં.૫૩૫, શીવમ પાર્ક સોસા. પાછળ, ડી-માર્ટ પાસે વાઘોડીયા રોડ, વડોદરા-૩૯૦૦૧૯.

EMD રકમ રૂા.૨૧,૫૦૦/- તા.૩૦/૦૬/૨૦૨૬ બપોરે ૩.૫૦ વાગ્યા સુધીમાં જમા કરવાની રહેશે. વાહનના નિરીક્ષણ ઉપરોકત જણાવેલ સ્થળ પર તારીખ ૨૬/૦૬/૨૦૨૬ બપોરે ૨.૦૦ થી ૪.૦૦ દરમ્યાન કરી શકાશે. ઈ-ઓકશન તારીખ ૩૦/૦૬/૨૦૨૬ સવારે ૧૧.૦૦ થી સાંજે ૧૬.૦૦ કલાક દરમ્યાન Online થશે. (ઉપરોકત સાધન ''જે છે જયાં છે અને જેમ છે જે છે અને જેમ છે તેમ'' સ્થિતિમાં જ વેચાણ કરાશે.) ઈ-ઓકશનમાં ભાગ લેવા સંપર્ક : web portal : https://baanknet.com (વધુ માહિતી માટે અમારી વેબસાઈટ https://baanknet.com; અથવા ઉપરના સરનામે અધિકૃત અધિકારીનો બેંકના કામકાજ ના સમય દરમ્યાન સંપર્ક કરી શકાશે. (મો.૯૮૭૫૫૫૭૩૪૫, ૭૦૪૩૪૪૯૧૩૧)

સ્થળ : સુરત.
તારીખ:૧૯/૦૬/૨૦૨૬

નોંધ: કોઈપણ કારણ વગર બીડનો સ્વીકાર / અસ્વીકાર કરવાનો અધિકાર બેન્કનો રહેશે.

સહિ/- અધિકૃત અધિકારી અને મુખ્ય પ્રબંધક
ભારતીય સ્ટેટ બેંક, હોમ લોન સેન્ટર-૧, સુરત.

બેંક ઑફ બડૌદા Bank of Baroda

જીએનએફસી કોમ્પલેક્ષ શાખા : જીઆઈડીસી, મીપકો ચોકડી પાસે પો. નર્મદાનગર, જી.ભરૂચ-૩૯૨૦૧૫,ગુજરાત(ઈન્ડીયા), ફોન નં.-૨૬૪૨-૨૪૬૯૦૦, E-mail : gnfcom@bankofbaroda.com

કબજા નોટીસ (સ્થાવર મિલકત માટે)[સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ની ધારા ૧૩(૪) ના રૂલ ૮(૧) હેઠળ

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા**, ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (બીજા) એકટ, ૨૦૦૨ અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩ (૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ તેમને મળેલ સત્તા હેઠળ **તા.૩૧.૦૫.૨૦૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર અને ગીરવેદાર **શ્રી સંજીવ તુકારામ ગાયકવાડ (દેવાદાર અને ગીરવેદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૪,૨૦,૩૬૮.૧૩/- (રૂા.ચાર લાખ વીસ હજાર ત્રણ સો અડસઠ અને તેર પૈસા પુરા) + વ્યાજ અને અન્ય ચાર્જીસ** સાથે આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ એકટની પેટા કલમ (૪) સિકયુરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૧૮ મી જૂન ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને કલમ ૧૩ ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર અને ગીરવેદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા** ની રકમ **રૂા.૪,૨૦,૩૬૮.૧૩/- (રૂા.ચાર લાખ વીસ હજાર ત્રણ સો અડસઠ અને તેર પૈસા પુરા) + વ્યાજ અને અન્ય ચાર્જીસ ને આધિન રહશે**

સ્થાવર મિલકતનું વર્ણન

રેવન્યુ સર્વે નં.૩૬૧ પી, સબ પ્લોટ નં. ૨ પી,૭૩૩૨.૨૮ ચો.મી.પ્લોટ નં. એ/૧૦૫, માપ ૧૪૩.૪૬ ચો.મી કે જે રેવા રેસીડેન્સી તરીકે જાણીતી સોસાયટી ની મિલકત મોજે સુલ્તાનપુરા ની સીમ માં તા. ઝઘડીયા, જી.ભરૂચ-ગુજરાત ખાતે શ્રી સંજીવ તુકારામ ગાયકવાડ ની માલિકી ની આવેલ છે. **પ્લોટ નં. એ/૧૦૫ ની ચર્તુદિશાઃ પૂર્વેઃ** પ્લોટ નં. એ/૧૦૬, **પશ્ચિમેઃ** કેમ્પાઉન્ડ ની દિવાલ, **ઉત્તરેઃ** પ્લોટ નં.એ/૧૧૨, **દક્ષિણેઃ** પ્લોટ નં.એ/૧૦૪ આવેલ છે.

તા.૧૮.૦૬.૨૦૨૬ । સ્થળ : ભરૂચ — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, જીએનએફસી કોમ્પલેક્ષ શાખા

ઓનલાઈન જાહેર નિવિદા

વલસાડ જિલ્લાની શૈક્ષણિક સંકુલોમાં અભ્યાસ કરતા ભાળકો માટે રેઇન વોટર હાર્વેસ્ટિંગ ક્રમ ઓટો રીચાર્જ સ્ટ્રક્ચર (ફીટીંગ સહીત)ની સુવિધા પૂરી પાડવાની થાય છે. (વધુ વિગતો વેબસાઈટ www.tender.nprocure.com ઉપર ઓનલાઈન જોઈ શકાશે) આથી રસ ધરાવતા ઈજારેદારો/એજન્સીઓ અને માન્ય સંસ્થાઓ પાસેથી ઈ-ટેન્ડરીંગથી ભાવો મંગાવવામાં આવે છે. ઈ-ટેન્ડરીંગનાં દસ્તાવેજો અને વિગતો તા.૨૦/૦૬/૨૦૨૬ થી ૧૦/૦૭/૨૦૨૬નાં રોજ ૧૮:૦૦ કલાક સુધી www.tender.nprocure.com વેબસાઈટ ઉપર ઓનલાઈન ભરી શકાશે. ઉપરોક્ત બાબતે રસ ધરાવતા ઈજારેદારો/એજન્સીઓ અને માન્ય સંસ્થાઓએ તેમના ટેન્ડર ઓનલાઈન પદ્ધતિથી મોકલવાના રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી, વલસાડ, જી. વલસાડ

ન. માહિતી/વલસાડ/૧૮૩/૨૦૨૬

જાહેર નિવિદા નં. 03 (ત્રીજો પ્રયત્ન), સને ૨૦૨૬-૨૦૨૭

ગુજરાત રાજ્યના રાજ્યપાલ વતી "નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી વેસ્મા સિંચાઈ પેટા વિભાગ, વેસ્મા", વેસ્મા ચોકડી વેસ્મા- ૩૯૬૪૭૫ (મોબાઈલ નં. ૮૩૪૭૪૩૩૦૦૩) ની કચેરી દ્વારા કામ "ચેન્જ અલાઈમેન્ટ ફ્રોમ ચે ૧૫૨૮ મી ટુ ચે ૧૬૩૩ મી ઓફ ટી.ડબ્યુ.સી સબ માઈનોર એક્ષ કાળાકાછા માઈનોર એટ વિલેજ કાળાકાછા"ના કુલ (૧) એક કામ માટે "એસ.બી.ડી" નમુના મંગાવવામાં આવે છે. આ કામોની કોરી ટેન્ડર કોપી આપવાની છેલ્લી તા.૩૦/૦૬/૨૦૨૬ નાં સાંજના ૧૮-૦૦ કલાક સુધી, ટેન્ડર ફી રૂ. ૬૦૦/- સહિત તથા ભાવ ભરેલ ટેન્ડર ફક્ત રજીસ્ટર પોસ્ટ એ.ડી/સ્પીડ પોસ્ટ/કુરિયારથી સ્વીકારવાની છેલ્લી તા. ૦૬/૦૭/૨૦૨૬ સાંજે ૧૬-૦૦ કલાક સુધીની છે શક્ય હશે તો મળેલ ટેન્ડરો તે જ દિવસે ૧૭-૦૦ કલાકે હાજર રહેલ ઈજારદારો સામે ખોલવામાં આવશે. વધુમાં આ કામની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ વિગતે માહિતી મેળવવા રસ ધરાવતા વર્ગ ઈ-૨ અને ઉપરનાં રજીસ્ટ્રેશન ધરાવતા ઈજારદારશ્રીઓએ રજાના દિવસો સિવાય ઉપરોક્ત કચેરીનો

માહિતી/નવસારી/૧૨૮/૨૦૨૬

બેંક ઑફ ઇંડિયા Bank of India BOI

ઝોનલ ઓફિસ, સુરત ઝોન : બેંક ઓફ ઈન્ડિયા બિલ્ડીંગ, ૧લો માળ, ઘોડદોડ રોડ, પાંજરાપોળ સામે, સુરત-૩૯૫૦૦૧

સરફેસી એક્ટ, ૨૦૦૨ હેઠળ મિલકતોની ઈ-હરાજી વેચાણ નોટીસ

ઈ-હરાજીની તા.૨૮.૦૭.૨૦૨૬ સવારે ૧૧ થી સાંજે ૫ સુધી (ઓટો એક્સ્ટેન્શન નિયમ પ્રમાણે હરાજી બંધ થવા પહેલા ૧૦ મિનીટના વધારા સાથે)

સિકયુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ના રૂલ ૮(૬) અને રૂલ ૬(૨) સાથે વંચાણે લઈ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨ હેઠળ જાહેર જનતા અને ખાસ કરીને નીચે દર્શાવેલ દેવાદાર(રો) અને જામીનદાર(રો) ને નોટીસ આપી જણાવવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકત(તો) કે જે સિકયોર્ડ ક્રેડીટર્સને ગીરવે/ચાર્જ કરેલ કે જેનો સાંકેતિક/પ્રત્યક્ષ કબજો બેંક ઓફ ઈન્ડિયા, સિકયોર્ડ ક્રેડીટર્સ દ્વારા મેળવવામાં આવેલ છે. જેનું 'જ્યાં છે, જે કંઈ છે અને જેવું છે તેવું' ના ધોરણે બેંક ઓફ ઈન્ડિયા, સિકયોર્ડ ક્રેડીટર્સ દ્વારા જે તે દેવાદાર અને જામીનદારોના બાકી રકમ માટે ઈ-હરાજીથી વેચાણ કરવામાં આવશે. અનામત કિંમત અને ઈએમડીની રકમ નીચે મુજબ રહેશે. નીચે સહી કરનાર દ્વારા નીચે જણાવેલ ઈ-હરાજી પ્લેટફોર્મથી વેચાણકરવામાં આવશે.

અ.નં.	શાખાનું નામ / દેવાદાર / જામીનદાર / માલિક / ભાગીદાર / મિલકતના ગીરવેદાર નું નામ	સુરક્ષિત કરેલ મિલકતનું વર્ણન	અ) સરફેસી એક્ટ ૨૦૦૨ની કલમ ૧૩(૨)હેઠળ માંગણા નોટીસની તારીખ / બ) બાકી રકમ અને ડીમાન્ડ નોટીસ ની તારીખ / ક) કબજાનો પ્રકાર સાંકેતિક /પ્રત્યક્ષ રચનાત્મક	ન્યુનતમ અનામત કિંમત / ઈએમડી	શાખા હેડ નો સંપર્ક નંબર
૧.	કલોક ટાવર શ્રી સમદારલાલ લિચ્છામનરામ, શ્રીમતી મૈનાદેવી અને શ્રી રામાશંકર આર યાદવ	**સ્થાયી મિલકત :** રહેણાંકનું ઘર જે પ્લોટ નં.૮૦, સારથી ટાઉનશીપ, સારથી ઈન્ડસ્ટ્રીઝ પાર્ક સામે અને પેસિફિક કોલેજની, બેગમપુરા કેનાલ રોડ, તાંતીથૈયા, તા.પલસાણા, જી.સુરત-૩૯૪૩૦૫ ખાતે આવેલ છે. **એરિયા ૪૪.૫૯ ચો.મીટર**	અ) ૦૬.૦૮.૨૦૨૫ બ) રૂા.૬,૫૩,૩૪૭.૫૩ વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે ક) પ્રત્યક